» 'ગુરુ પૂર્ણિમા'ના પવિત્ર પર્વ નિમિત્તે ઉત્તર પ્રદેશના અયોધ્યામાં શ્રદ્ધાળુઓનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ શુભ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ અયોધ્યામાં આવેલા શિવ મંદિર નજીક પવિત્ર સરયૂ નદીમાં આસ્થાની ડૂબકી લગાવી હતી.

અમેરિકા-ઈરાન તણાવ ફરી ભડક્યો, મધ્ય પૂર્વમાં હુમલાઓ તેજ

જોર્ડને ઈરાનની પાંચ મિસાઇલો તોડી પાડી; અમેરિકા-સાઉદીએ ઈરાકમાં ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથો પર હવાઈ હુમલા કર્યા

હોર્મુઝ મુદ્દે વાટાઘાટો ફરી અટવાઈ; તેલના ભાવમાં ફરી ઉછાળો

અમેરિકી દળો અથવા સાઉદી અરેબિયાના ઊર્જા માળખા પર હુમલા સામે અમેરિકાની ચેતવણી

ટ્રમ્પ માટે આ યુદ્ધ અટકાવવું વધુ મુશ્કેલ બન્યું

હુથી બળવાખોરોએ બાબ અલ-મંદેબ જળમાર્ગમાં સાઉદી જહાજો સામે નાકાબંધી જાહેર કરી

કેરો, તા. 29 (એપી): મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી તણાવ વધી રહ્યો છે. બુધવારે વહેલી સવારે જોર્ડને ઈરાન તરફથી છોડાયેલી અનેક મિસાઈલો ભાજપને હવામાં જ તોડી પાડી હતી. તે પહેલાં અમેરિકાએ પણ જણાવ્યું હતું કે મધ્ય પૂર્વમાં તૈનાત પોતાના દળોને નિશાન બનાવી છોડાયેલી ઈરાની મિસાઈલોના વધુ એક હુમલાને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. થોડા દિવસના વિરામ બાદ ફરી શરૂ થયેલા હુમલાઓએ યુદ્ધવિરામના પ્રયાસોને ઝટકો આપ્યો છે.

અમેરિકાએ વધુમાં જણાવ્યું કે તેણે સાઉદી અરેબિયા સાથે મળીને ઈરાન સમર્થિત ઈરાકી સશસ્ત્ર જૂથોના ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. આ જૂથોએ દાવો કર્યો કે હુમલામાં તેના ઓછામાં ઓછા 20 લડાકૂ માર્યા ગયા અને 32 અન્ય ઘાયલ થયા છે. યુદ્ધ સમાપ્ત કરવા માટે મધ્યસ્થી દેશો દ્વારા વાટાઘાટોમાં પ્રગતિ થઈ હોવાના દાવા વચ્ચે ફરી હુમલાઓ શરૂ થતાં પરિસ્થિતિ વધુ જટિલ બની છે.

સાઉદી અરામકોની તેલ પ્રોસેસિંગ સુવિધાને નુકસાન થયું

સેટેલાઇટ તસવીરોમાં સાઉદી અરામકોની અબકૈક તેલ પ્રોસેસિંગ સુવિધાને નુકસાન થયાનું જોવા મળ્યું છે. વિશ્વની સૌથી મોટી ક્રૂડ ઓઈલ પ્રોસેસિંગ સુવિધા ગણાતું આ પ્લાન્ટ દરરોજ આશરે 70 લાખ બેરલ તેલ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે. જિઝાન સ્થિત અરામકો રિફાઈનરીને પણ હુથી હુમલામાં નુકસાન થતાં તેને અસ્થાયી રીતે બંધ કરાઈ છે. આ રિફાઈનરી દરરોજ ચાર લાખ બેરલ તેલનું ઉત્પાદન કરે છે અને 15 ઓગસ્ટ સુધી ફરી શરૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

વેપારી જહાજો પર 'ટેક્સ' નાખવાની હૂથી બળવાખોરોની તૈયારી

યમનના હૂથી બળવાખોરો રેડ સીના દક્ષિણ ભાગમાંથી પસાર થતા આંતરરાષ્ટ્રીય વેપારી જહાજો પર કર વસૂલવાની યોજના બનાવી રહ્યા છે. રોયટર્સના અહેવાલ મુજબ, સૂત્રોએ આ માહિતી આપી છે. જોકે, આ ટેક્સ ક્યારથી લાગુ કરવામાં આવશે તેની કોઈ ચોક્કસ સમયસીમા કે તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. લાલ સાગરને અદનની ખાડી સાથે જોડતો 'બાલ અલ-મંદેબ' જળમાર્ગ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ અને વ્યસ્ત સમુદ્રી વેપાર માર્ગોમાંથી એક છે. રિપોર્ટ અનુસાર, જુલાઈમાં ઈરાનના સુપ્રીમ લીડર ખામનેઈના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે હૂથી નેતાઓ ઈરાન ગયા હતા, જ્યાં ઈરાની અધિકારીઓએ આ જહાજો પર ટેક્સ નાખવાનો પ્રસ્તાવ મુક્યો હતો. ત્યારબાદ ઈરાની સલાહકારોએ હૂથી અધિકારીઓ સાથે મળીને આ ટેક્સ વસૂલવા માટેની સંભવિત સિસ્ટમ અને માળખું તૈયાર કરવામાં પણ મદદ કરી હતી. સામે આવેલા પ્રસ્તાવ અનુસાર, આ નવો ટેક્સ વસૂલતી વખતે ચીનના જહાજોને બાદબાકી કે રાહત આપવામાં આવી શકે છે. નોંધનીય છે કે ચીન એ સાઉદી અરેબિયા પાસેથી સૌથી વધુ ક્રૂડ ઓઇલ ખરીદતો દેશ છે અને પ્રદેશમાં તેનો વ્યાપારી પ્રભાવ ઘણો મોટો છે.

થાઈલેન્ડમાં ભારતીયોનું અપહરણ: પાંચ ભારતીયોની ધરપકડ

ફ્લાઇટ પકડે તે પહેલાં જ પકડી લેવાયા

સસ્તા હોલિડે પેકેજની લાલચ આપી પટાયામાં બંધક બનાવ્યા, ટોર્ચર કરી ક્રિપ્ટોમાં ખંડણી માગી

બેંગકોક, તા. ૨૯ (PTI): સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર, ત્રણ ભારતીય નાગરિકોનું અપહરણ કરવા અને તેમની મુક્તિ માટે ખંડણી માંગવાના આરોપસર થાઈલેન્ડમાં પાંચ ભારતીય નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસને ટાંકીને 'બેંગકોક પોસ્ટ'એ અહેવાલ આપ્યો છે કે, પાંચ શંકાસ્પદોની મંગળવારે બેંગકોકના ક્લોંગ તાન વિસ્તારની એક હોટેલમાંથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તેઓ બહાર જતી ફ્લાઈટમાં બેસવાની રાહ જોઈ રહ્યા હતા. શંકાસ્પદોની ઓળખ અવતાર સિંહ (૩૮), જગજીત સિંહ (૩૮), રામબાલક કુમાર (૨૪), સુખબીર સિંહ (૩૭) અને કુલરા સિંહ (૨૭) તરીકે થઈ છે. શંકાસ્પદોએ તપાસકર્તાઓને જણાવ્યું હતું કે, તેમને એક પાકિસ્તાની નાગરિકે ત્રણ ભારતીય પુરુષો - જે તમામ પ્રવાસીઓ હતા, તેમનું અપહરણ કરવા કહ્યું હતું, જેમને તેઓ પાછલા એક મહિનાથી ચેટ એપ્લિકેશન દ્વારા ઓળખતા હતા. અહેવાલ મુજબ, આ કાવતરાનો મુખ્ય સૂત્રધાર દુબઈમાં હોવાનું માનવામાં આવે છે અને તેણે ક્રિપ્ટોકરન્સીમાં ખંડણીની રકમ મેળવવાનું આયોજન કર્યું હતું. પોલીસે પ્રેસને જણાવ્યું હતું કે, આ ઓપરેશન પાર પાડ્યા પછી આરોપીઓને કિંમતી વસ્તુઓ, રોકડ અને થાઈલેન્ડ છોડવા માટે એરલાઇન ટિકિટ આપવામાં આવી હતી. પીડિતોને ઓછી કિંમતના સાત દિવસના હોલિડે પેકેજની લાલચ આપીને પટાયા લઈ જવામાં આવ્યા હતા. પરંતુ અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે કે, તેના બદલે તેઓને એક ઘરમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓને કેટલાંક દિવસો સુધી બંધક બનાવીને રાખવામાં આવ્યા હતા અને સોમવારે સાંજે પોલીસ દ્વારા બચાવવામાં આવ્યા તે પહેલાં તેમને ટોર્ચર કરવામાં આવ્યા હતા.

ભારતમાં રોડ પ્રદૂષણથી દર છ મિનિટે એક અકાળ મૃત્યુ

૨૦૨૪માં દર ૩૪ મિનિટે બાળકોમાં અસ્થમાનો એક નવો કેસ સામે આવ્યો

દેશના ૭૯% NOx અને ૬૪% PM2.5 ઉત્સર્જન માટે બસ-ટ્રક જવાબદાર

નવી દિલ્હી, તા. ૨૯ (PTI) એક નવા અહેવાલ મુજબ, ભારતમાં રોડ ટ્રાન્સપોર્ટનું પ્રદૂષણ એ જાહેર આરોગ્ય માટે એક મોટી સમસ્યા છે, આ પ્રદૂષણના કારણે ૨૦૨૪માં દર છ મિનિટે એક અકાળ મૃત્યુ અને દર ૩૪ મિનિટે બાળકોમાં અસ્થમાનો એક નવો કેસ સામે આવ્યો છે.

રિપોર્ટમાં ઉમેરવામાં આવ્યું છે કે, દિલ્હી અને નેશનલ કેપિટલ રીજન (એનસીઆર) પર આની વધુ અસર પડી છે, એનસીઆરમાં માત્ર ૫% વસ્તી હોવા છતાં, દેશના રોડ ટ્રાન્સપોર્ટથી બાળકોમાં થતા અસ્થમાના ૨૩% કેસ એકલા એનસીઆરમાં નોંધાયા છે.

આ અહેવાલ, 'હેલ્થ બેનિફિટ્સ ઓફ ઝીરો-એમિશન ટ્રાન્સપોર્ટ થ્રુ ૨૦૫૦' આંતરરાષ્ટ્રીય કાઉન્સિલ ઓન ક્લીન ટ્રાન્સપોર્ટેશન (આઈસીસીટી) દ્વારા બુધવારે બહાર પાડવામાં આવ્યો હતો.

આઈસીસીટીના વરિષ્ઠ સંશોધક અને આ અભ્યાસના સહ-લેખક લિંગઝી જિનએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આ સમસ્યા અત્યંત અસમાન છે. ભારતમાં રોડ ટ્રાન્સપોર્ટના કારણે થતા બાળકોના અસ્થમાના કેસોમાં લગભગ ચોથો ભાગ એનસીઆર ધરાવે છે... આ એવા બાળકો છે જેઓ તેમની દિનચર્યા દરમિયાન ટ્રાફિકના પ્રદૂષણના સંપર્કમાં આવે છે."

આ વિશ્લેષણમાં ભારતના ટ્રાન્સપોર્ટ ઉત્સર્જન પ્રોફાઇલમાં ભારે વાહનોની ખૂબ મોટી ભૂમિકા નોંધવામાં આવી છે. જોકે, ટ્રક અને બસ વાહનોના કાફલામાં પ્રમાણમાં નાનો હિસ્સો ધરાવે છે, પરંતુ તેઓ વાયુ પ્રદૂષણમાં તેનું યોગદાન ઘણું વધુ છે. ભારતમાં ૨૦૨૪માં રોડ ટ્રાન્સપોર્ટમાંથી નીકળતા સાયલન્સરના એનઓએક્સ ઉત્સર્જનમાં ૭૯% અને પીએમ2.5 ઉત્સર્જનમાં ૬૪% હિસ્સો ભારે વાહનોનો હતો.

પેજ 3

સલમાન ખાને બાંદ્રા વેસ્ટ સ્થિત ફ્લેટ ૨.૮૮ કરોડમાં ખરીદી ૩.૫ કરોડમાં વેચ્યો

મુંબઈ, તા. ૨૯ : સલમાન ખાન હાલમાં જ એવા અહેવાલોને કારણે ચર્ચામાં રહ્યો હતો કે સુપરસ્ટાર પાંચ દાયકાથી વધુ સમયથી તેમનું ઘર રહેલા ગેલક્સી એપાર્ટમેન્ટ્સ છોડીને મુંબઈના બાંદ્રામાં એક નવા છ માળના સીફ્રન્ટ મકાનમાં રહેવા જઈ રહ્યો છે. હવે, રિયલ એસ્ટેટના વધુ એક સમાચારમાં પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો (સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવેલા) અનુસાર, અભિનેતા સલમાન ખાને બાંદ્રા વેસ્ટમાં એક ફ્લેટ ૩.૫ કરોડમાં વેચ્યો છે. અભિનેતાએ ૨૦૧૫માં આ ફ્લેટ ૨.૮૮ કરોડમાં ખરીદ્યો હતો.

સલમાન ખાને આસામ પૂર રાહત અભિયાન શરૂ કર્યું

આલિયા ભટ્ટે લોકોને મદદ કરવા અપીલ કરી

મુંબઈ, તા. 29 : બોલિવૂડ કલાકારો સલમાન ખાન અને આલિયા ભટ્ટે પૂરગ્રસ્ત આસામને પોતાનો સહયોગ આપ્યો છે. જ્યારે સલમાને ભોજન, દવાઓ અને જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડવા માટે તબક્કાવાર રાહત અભિયાન શરૂ કર્યું છે, ત્યારે આલિયાએ સોશિયલ મીડિયા પર નાગરિકોને રાહત કાર્યોમાં યોગદાન આપવા વિનંતી કરી છે, જેમાં આ સંકટની વારંવાર બનતી પ્રકૃતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આસામ તાજેતરના વર્ષોમાં સૌથી ભયાનક પૂરની હોનારત સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે બોલિવૂડ સેલિબ્રિટીઝ રાહત કાર્યોમાં મદદ માટે આગળ આવ્યા છે. અભિનેતા સલમાન ખાને તેની ચેરિટેબલ સંસ્થા, 'બીઈંગ હ્યુમન' દ્વારા બહુ-તબક્કાવાર માનવતાવાદી પહેલ શરૂ કરી છે, જ્યારે આલિયા ભટ્ટે દેશભરના લોકોને આ સંકટથી પ્રભાવિત થયેલા લોકોને મદદ કરવા અપીલ કરી છે.

ગુરુ પૂર્ણિમાના દિવસે અભિનેત્રી કરિશ્મા તન્નાએ પુત્રને જન્મ આપ્યો

મુંબઈ, તા. 29: અભિનેત્રી કરિશ્મા તન્ના અને તેમના પતિ વરુણ બાંગેરા માતા-પિતા બન્યા છે. તેમણે 29 જુલાઈના રોજ ગુરુ પૂર્ણિમાના અવસરે તેમના પ્રથમ બાળક, પુત્રનું સ્વાગત કર્યું છે. આ દંપતીએ સોશિયલ મીડિયા પર આ સમાચાર શેર કર્યા હતા. પોસ્ટ જોયા બાદ ઘણા સેલિબ્રિટીઓએ તેમને અભિનંદન આપ્યા હતા. કરિશ્માએ પોસ્ટ કર્યું હતું કે, ''ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે, જન્મ. અમારા સૌથી મોટા આશીર્વાદ અહીં છે. 29 જુલાઈ, 2026 અમારી દુનિયામાં આપનું સ્વાગત છે. નવજાત શિશુ, કરિશ્મા અને વરુણ.''

રણબીર કપૂરની 'રામાયણ'ની 75 કરોડમાં ટી-સીરીઝ સાથે મ્યુઝિક ડીલ

મુંબઈ, તા. 29: દિગ્દર્શક નિતેશ તિવારીની બહુપ્રતીક્ષિત પૌરાણિક મહાકાવ્ય ડ્રામા 'રામાયણ'ના ટ્રેલર રિલીઝ થવામાં હવે ગણતરીના કલાકો જ બાકી છે ત્યારે ચાહકોમાં કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આ ઉત્સાહ અને ચર્ચા વચ્ચે એક નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, નિર્માતાઓએ ટી-સીરીઝ સાથે મ્યુઝિક રાઇટ્સ માટે એક મોટો સોદો કર્યો છે, જેનાથી ફિલ્મના સાઉન્ડટ્રેક માટે મોટી એડવાન્સ રકમ મેળવી લીધી છે. અહેવાલ મુજબ, ટી-સીરીઝે રામાયણ ફ્રેન્ચાઇઝીના બંને ભાગો માટેના મ્યુઝિક રાઇટ્સ મેળવી લીધા છે અને કથિત રીતે 75 કરોડની રિફંડેબલ એડવાન્સ રકમ ચૂકવી છે.

અમેરિકી સેનેટમાં ગ્રીન કાર્ડનો નવો રોલિંગ કાયદો રજૂ: ભારતીયો માટે રાહતની આશા

વોશિંગ્ટનઃ અમેરિકામાં વસતા લાખો વિદેશી નાગરિકો અને ખાસ કરીને લાંબા સમયથી ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા ભારતીય H-1B વિઝા ધારકો માટે આશાનું એક કિરણ જાગ્યું છે. ડેમોક્રેટિક સેનેટર એલેક્સ પાદિલા અને સેનેટ ડેમોક્રેટિક વ્હિપ ડિક ડર્બિને યુએસ સેનેટમાં 'રિન્યુઈંગ ઈમિગ્રેશન પ્રોવિઝન્સ ઓફ ધ ઈમિગ્રેશન એક્ટ ઓફ ૧૯૨૯' (રજિસ્ટ્રી બિલ) રજૂ કર્યું છે. જો આ બિલ પસાર થઈને કાયદો બને, તો અમેરિકામાં ઓછામાં ઓછા ૭ વર્ષથી સતત વસવાટ કરતા તમામ યોગ્ય નાગરિકોને કાયમી નાગરિકત્વ (ગ્રીન કાર્ડ) મેળવવાનો સીધો રસ્તો ખુલ્લો થશે. આ બિલ 'ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ'ની કલમ ૨૪૯ (જે રજિસ્ટ્રી તરીકે ઓળખાય છે)માં સુધારો કરશે. હાલના કાયદા મુજબ ૧ જાન્યુઆરી, ૧૯૭૨ પહેલાંથી અમેરિકામાં રહેતા લોકોને જ આ લાભ મળે છે. (જે ૧૯૮૬ પછી ક્યારેય અપડેટ નથી થયો). નવા સુધારા હેઠળ આ ચોક્કસ તારીખ હટાવીને 'રોલિંગ ૭ વર્ષ' ની જરૂરિયાત નક્કી કરવામાં આવશે. એટલે કે, જ્યારે પણ કોઈ વ્યક્તિ અમેરિકામાં સતત ૭ વર્ષ પૂર્ણ કરશે, ત્યારે તે ગ્રીન કાર્ડ માટે અરજી કરી શકશે.

ભારતીય પ્રોફેશનલ્સ માટે શા માટે મહત્વનું?

ભારતીય આઈટી અને અન્ય પ્રોફેશનલ્સ મોટી સંખ્યામાં H-1B વિઝા પર અમેરિકામાં કામ કરે છે. દર વર્ષે દેશવાઇઝ ક્વોટા મર્યાદાને કારણે ભારતીય પ્રોફેશનલ્સને એમ્પ્લોયમેન્ટ-બેઝ્ડ ગ્રીન કાર્ડ મેળવવામાં દાયકાઓ સુધી રાહ જોવી પડે છે. આ કાયદો બનવાથી ૮૦ લાખથી વધુ લોકોને લાભ થશે, જેમાં H-1B વિઝા ધારકો, ડ્રીમર્સ, ટેમ્પરરી પ્રોટેક્ટેડ સ્ટેટસ ધારકો અને તેમના બાળકોનો સમાવેશ થાય છે. જોકે, નિષ્ણાતોના મતે વર્તમાન પોલિટિકલ માહોલ અને રિપબ્લિકન્સ દ્વારા ઈમિગ્રેશન નીતિઓ પર રખાઈ રહેલા સખત વલણને કારણે લોકસભા અને સેનેટમાંથી આ બિલ પસાર કરાવવું આસાન નહીં રહે.

મોદીની ફેસબુક પોસ્ટ ભૂલથી હટાવ્યા બાદ મેટાએ સુરક્ષા પ્રક્રિયા વધુ કડક કરી

હવે વડા પ્રધાન સહિતના મહત્ત્વના એકાઉન્ટ્સની પોસ્ટ અંગે ઓછામાં ઓછા બે વરિષ્ઠ અધિકારીઓ કરશે સમીક્ષા

નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ફેસબુક પોસ્ટ થોડા સમય માટે પ્રતિબંધિત થઈ જવાની ઘટનાના પગલે મેટાએ કેન્દ્ર સરકારને પત્ર લખીને જણાવ્યું છે કે હવે વડા પ્રધાન અને અન્ય મહત્ત્વના એકાઉન્ટ્સની પોસ્ટ માટે વધુ કડક સુરક્ષા વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે 23 જુલાઈએ વડા પ્રધાન મોદીએ યુવાનોને સંબોધતો અને પેપર લીક સામે કડક કાર્યવાહીનું આશ્વાસન આપતો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો, જેને બાદમાં ફેસબુક પર પણ પોસ્ટ કરવામાં આવ્યો હતો. આ પોસ્ટ થોડા સમય માટે પ્રતિબંધિત થયા બાદ કેન્દ્ર સરકારે મેટાના ટોચના અધિકારીને સમન્સ પાઠવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ, હવે આવા એકાઉન્ટ્સની પોસ્ટ અંગે કોઈપણ નિર્ણય પહેલાં કંપનીના ઓછામાં ઓછા બે વરિષ્ઠ અધિકારીઓ દ્વારા અનેક સ્તરે ચકાસણી કરવામાં આવશે. સરકારે મેટાની અગાઉની સ્પષ્ટતાને અપૂરતી ગણાવી વધુ વિગતો માગી હતી.

મેટાએ ઘટનાને લઈને ફરી ખેદ વ્યક્ત કરતાં જણાવ્યું કે એઆઈ આધારિત ઓટોમેટેડ કન્ટેન્ટ ફિલ્ટરમાં આવેલી ટેકનિકલ ખામીને કારણે વડા પ્રધાનની પોસ્ટ ભૂલથી થોડા સમય માટે હટાવી દેવામાં આવી હતી, જેને બાદમાં તરત જ પુનઃસ્થાપિત કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, મેટા ટૂંક સમયમાં સરકારની નોટિસનો સત્તાવાર જવાબ આપશે. ઉપરાંત કંપનીની એક ટીમ આ સપ્તાહના અંતમાં અથવા આગામી સપ્તાહની શરૂઆતમાં કેન્દ્ર સરકારના અધિકારીઓ સાથે બેઠક કરીને સમગ્ર મુદ્દે ચર્ચા કરે તેવી શક્યતા છે.

સાયબર સિક્યોરિટી અને ડેટા ચોરીના ખતરા સામે અમેરિકાનું આકરું કદમ

ચીની હ્યુમનોઈડ રોબોટ્સ માટે યુએસના દરવાજા બંધ

ચીની હ્યુમનોઇડ રોબોટ્સનો વૈશ્વિક બજાર હિસ્સો લગભગ ૮૫ ટકા સુધી પહોંચી ગયો છે

હોંગકોંગ, તા. ૨૯ (એપી) યુએસના ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશને મંગળવારે જણાવ્યું હતું કે, તે ચીનને લક્ષ્ય બનાવતા એક પગલામાં વિદેશી ઉત્પાદિત હ્યુમનોઇડ રોબોટ્સની આયાત પર પ્રતિબંધ મૂકશે અને દલીલ કરી હતી કે તેઓ રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમ ઊભું કરે છે.

આ નિર્ણય બે વિશ્વ નેતાઓ વચ્ચે ટેક્નોલોજી રેસ આગળ વધી રહી છે ત્યારે દ્વિપક્ષીય સંબંધોને તણાવપૂર્ણ બનાવી શકે છે. ચીન યુએસ અને અન્ય સ્પર્ધકો કરતાં નોંધપાત્ર રીતે વધુ હ્યુમનોઇડ રોબોટ્સ બનાવે છે અને વિશ્લેષકોનો અંદાજ છે કે, ચીની હ્યુમનોઇડ રોબોટ્સનો વૈશ્વિક બજાર હિસ્સો લગભગ ૮૫ ટકા સુધી પહોંચી ગયો છે.

એફસીસીના પ્રતિબંધમાં હ્યુમનોઇડ રોબોટ્સની નવી આયાત, ચાર પગવાળા રોબોટ ડોગ્સ તેમ જ વિદેશી બનાવટના પાવર ઇન્વર્ટરનો સમાવેશ થાય છે.

આ નિર્ણય લેતી વખતે એફસીસીએ જણાવ્યું હતું કે, વિદેશોમાં ઉત્પાદિત આ અદ્યતન રોબોટ્સ યુએસ માટે સપ્લાય ચેઇનની નબળાઈઓ તેમ જ સાયબર સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષાના જોખમો ઊભા કરે છે.